# આપણી વાત

**■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■**

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદેમી, દિલ્હીના સંયુક્ત ઉપક્રમે 'યુગોનાં સાહિત્યશાસ્ત્ર' વિષય પર તા. ૧૩-૧૪,૧૦-૨૦૧૭ના રોજ સવારે ૧૦-૩૦થી ૫-૩૦, ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદમાં બે-દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

  પરિસંવાદની ઉદ્‌ઘાટન-બેઠકમાં પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કરીને પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. સાહિત્ય અકાદેમી, દિલ્હીના આવાહક શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાએ 'સાહિત્યશાસ્ત્રનાં ધોરણો અને આધારો' વિશે વક્તવ્ય આપ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ 'સાહિત્યનાં યુગવિભાજનો અને એનું બદલાતું સાહિત્યશાસ્ત્ર' વિશે વક્તવ્ય આપ્યું હતું.

  પરિસંવાદની બીજી બેઠક ૧૨ વાગ્યે શરૂ થઈ હતી. આ બેઠકમાં શ્રી અભય દોશીએ 'પ્રાગ્ નરસિંહકાળ' વિશે, શ્રી હસુ યાજ્ઞિકે 'મધ્યકાલીનયુગ (નરસિંહથી દયારામ)' વિશે, શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાએ 'પ્રાક્ અર્વાચીનકાળ' વિશે અને શ્રી ઉર્વી તેવારે 'સુધારક યુગ' વિશે વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકોનું સંચાલન અજય રાવલે કર્યું હતું.

  ત્રીજી બેઠક તા. ૧૪-૧૦-૨૦૧૭ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શરૂ થઈ હતી. શ્રી હસિત મહેતાએ 'પંડિતયુગ' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી દીપક રાવલે 'ગાંધીયુગ' વિશે અને શ્રી સેજલ શાહે 'અનુગાંધીયુગ અને પ્રાક્ આધુનિકયુગ' વિશે વક્તવ્ય આપ્યું હતું.

  આ પરિસંવાદની ચોથી બેઠક ૨-૩૦ કલાકે શરૂ થઈ હતી. શ્રી પરેશ નાયકે 'આધુનિકતાવાદીયુગ' વિશે, શ્રી ઉષા ઉપાધ્યાયે 'અનુઆધુનિકતા' વિશે અને શ્રી હેમન્ત દવેએ પરિસંવાદનું સર્વેક્ષણ રજૂ કરીને સમાપન વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકોનું સંચાલન શ્રી પારુલ કં. દેસાઈએ કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી જયંતિ એમ. દલાલ (અંગ્રેજીમાં અનુવાદ) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૮-૧૦-૨૦૧૭ના રોજ ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૩૦ કલાકે પ્રા. શ્રી દર્શના ત્રિવેદીએ 'શ્રી ચિનુ મોદીની કાવ્યકૃતિ 'સૈયર'નો અંગ્રેજી અનુવાદ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.
- તા. ૫-૧૦-૨૦૧૭ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી સ્વાતિ મેઢે 'નવે ઘોડે નવો દાવ' વાર્તાનું પઠન કર્યું હતું. માલિનીબહેનને જૂના ઘરને છોડી નવા ફ્લૅટમાં રહેવા જવાનું છે. નવો ફ્લૅટ શોધી, જરૂરી ફેરફાર કરી રહેવા જવાની તૈયારી શરૂ થાય છે.

વાર્તાની શૈલી સફળતાપૂર્વક હાસ્ય નિષ્પન્ન કરે છે. ઘટનાઓની પસંદગીમાં સમતુલા નોંધપાત્ર છે. લેખિકાની સૂઝની ભાવકોએ પ્રશંસા કરી હતી.

## સાહિત્યવૃત્ત

- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલા કેન્દ્રના ઉપક્રમે 'મહર્ષિ અરવિંદરચિત મહાકાવ્ય સાવિત્રી' વિષય પર શ્રી રાજેન્દ્ર પટેલે વક્તવ્ય આપ્યું હતું. સાવિત્રીની કાવ્યસંગીત દ્વારા પ્રસ્તુતિ થઈ હતી જેનું સંગીત મોનિકા શાહે આપ્યું હતું અને નિર્દેશન શ્રીમતી ચારુગીતા રવીન્દ્ર શુક્લએ કર્યું હતું. આ કાર્યક્રમ ૯-૯-૨૦૧૭ના રોજ વિશ્વકોશ ભવનમાં યોજાયો હતો.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૩-૯-૨૦૧૭ના રોજ વિશ્વકોશ ભવનમાં ડૉ. ભરત મહેતાએ 'સાંપ્રત નવલકથામાં ગુજરાત' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિના ઉપક્રમે ગુજરાત વિશ્વકોશ ભવનમાં ચંદ્રવદન મહેતાના નાટક 'ગાજવીજ' પ્રહસનની પ્રસ્તુતિ તા. ૨૦-૯-૨૦૧૭ના રોજ વિશ્વકોશ ભવનમાં થઈ હતી. જેનું દિગ્દર્શન પ્રતિભા રાવલે કર્યું કલાકાર સર્વશ્રી મહેશ ચંપકલાલ, દીપ્તિ જોશી, દેવવ્રત જાની, ઇકબાલ પટેલ, પ્રમોદ રાવલ, દિનકર ઉપાધ્યાય તથા ખુશ્બૂ ત્રિવેદીએ નાટ્યપ્રસ્તુતિ કરી હતી.
- મુંબઈ શહેરની જાણીતી સાહિત્યિક સાંસ્કૃતિક સંસ્થા 'સાહિત્યધારા'ના ઉપક્રમે અને 'ભવન્સ કલ્ચરલ સેન્ટર'ના સહયોગમાં, તાજેતરમાં અંધેરી સ્થિત ભવન્સ કેમ્પસમાં એસ. પી. જૈન સભાગૃહમાં યોજાયેલ ગુજરાતના સાક્ષરકવિ સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ ઉર્ફે કાન્તની દોઢસોમી જન્મજયંતીની થયેલી ભવ્ય ઉજવણીના કાર્યક્રમમાં શ્રી ચંદ્રકાન્ત શેઠે 'કાન્તની કવિતામાં જીવન-દર્શન અને કલાતત્ત્વ' વિશે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે, 'કાન્તે' ગદ્ય અને પદ્ય બંનેમાં પોતાની વિલક્ષણ પ્રતિભાનો પરિચય આપ્યો છે. 'કાન્ત'રચિત 'પૂર્વાલાપ' સમગ્ર ગુજરાતી કવિતાનો ઉજ્જ્વળ કીર્તિસ્થંભ છે. કાન્ત કવિ પણ છે અને કલાકાર પણ છે. એમની કવિતામાં વિલક્ષણ કલાતત્ત્વ પ્રગટતું જોવા મળે છે. 'પૂર્વાલાપ'ની ધીમે ધીમે છટાથી પ્રસરેલી કુસુમરજે અર્વાચીન ગુજરાતી કવિતામાંના વાતાવરણમાં એક અભૂતપૂર્વ રસસંક્રાન્તિ આણી છે. શ્રી પ્રફુલ્લ રાવલે 'કાન્તના જીવન' વિશેના વક્તવ્યમાં કાન્તનું ધર્મપરિવર્તન, તેમનું ધર્મચિંતન અને તેમની પોતાની કવિતાઓ પર પડેલી અસર વિશે પોતાની હળવીફુલ શૈલીમાં અનેક ગહન અને રસપ્રદ વાતો કરી હતી. શ્રી સતીશ વ્યાસે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે કાન્તનું ગદ્ય, કાન્તનાં નાટકો અને કાન્તના પત્રો તેમની વિરાટ સર્જકપ્રતિભાનો પરિચય કરાવે છે. કાન્તનાં સર્જનો આજે દોઢસો વર્ષ પછી પણ ટક્યાં છે અને તેમાં હજી પણ અવકાશ છે. શ્રી યશવંત ત્રિવેદીએ પ્રારંભિક પ્રવચનમાં કાન્તનાં કાવ્યો અને અન્ય સર્જનોના વિશિષ્ટ પરિણામો નિર્દેશી આપ્યાં હતાં. શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર મહેતાએ 'કાન્ત'ની કવિતાઓની



નોંધપાત્ર વિલક્ષણતાઓની વાત વક્તવ્યમાં કરી હતી જેમાં 'સાગર અને શશી' સાહિત્યની કવિતાઓના ઉદાહરણો આપી 'કાન્ત'નાં કાવ્યોની રસસમૃદ્ધિ વિશે રસપ્રદ અને મનનીય વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમના શિલ્પી કવિ શ્રી પ્રફુલ્લ પંડ્યાને અભિનંદન આપતાં શ્રી સિતાંશુભાઈએ ઉમેર્યું હતું કે મુંબઈના આંગણે આ એક મોટી સાહિત્યિક ઘટના છે. પરિસંવાદની બીજી બેઠકમાં મુંબઈનાં નવોદિત અને પ્રતિષ્ઠિત કવિઓ-કવયિત્રીઓ સર્વશ્રી મુકેશ જોશી, સંજય પંડ્યા, આશા પુરોહિત, હેમા મહેતા, ચેતન ફ્રેઈમવાલા, સતીશ વ્યાસ (મુંબઈ) અને પ્રફુલ્લ પંડ્યાએ 'કાન્ત'ની પ્રથિતયશ કવિતાઓનું પઠન કર્યું હતું. કાર્યક્રમની અંતિમ બેઠકમાં ગુજરાતના અભિનેતા શ્રી કમલ જોશીએ 'કાન્ત'નાં ત્રણ કાવ્યકુસુમો 'વસંતવિજય', 'ચક્રવાકમિથુન' તથા 'સાગર અને શશી'ની નાટ્યાત્મક રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષસ્થાને શ્રી અમૃત માલદે અને અતિથિવિશેષ તરીકે શ્રી લલિતભાઈ સેલારકા ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૯મું અધિવેશન

શ્રી ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાનપદે સિકંદરાબાદ મુકામે તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર-૨૦૧૭ના ત્રણ દિવસ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રની અધ્યક્ષતામાં યોજાશે.

**અધિવેશન સ્થળ : શ્રી ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદ**

**ઉદ્‌ઘાટન-સમારંભ**

**તા. ૨૩-૧૨-૨૦૧૭ શનિવાર, સમય : ૧૧.૦૦ થી ૧.૩૦**

| | | |
|---|---|---|
| ગીત | : | જય જય ગરવી ગુજરાત - સંગીતટૂકડી |
| સ્વાગતમંત્રીનું ઉદ્‌બોધન | : | શ્રી ઘનશ્યામભાઈ પટેલ |
| સંસ્થાનો પરિચય | : | શ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ |
| પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ | : | શ્રી પ્રફુલ્લ રાવલ |
| નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને કાર્યભારની સોંપણી | : | શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા |
| પ્રમુખશ્રીનો પરિચય | : | શ્રી સમીર ભટ્ટ |
| પ્રમુખશ્રીનું વક્તવ્ય | : | શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર |
| અતિથિવિશેષશ્રીનો પરિચય | : | શ્રી ડૉ. હસમુખ સી. ઉપાધ્યાય |
| અતિથિવિશેષશ્રીનું વક્તવ્ય | : | શ્રી કે. શિવારેડ્ડી |
| પ્રાસંગિક ઉદ્‌બોધન | : | શ્રી રઘુવીર ચૌધરી, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ |
| આભારદર્શન (યજમાન સંસ્થા) | : | શ્રી મહેન્દ્રભાઈ પી. કપાશી |

■ **બેઠક પ્રથમ : તા. ૨૩-૧૨-૨૦૧૭ શનિવાર, બપોરે : ૩.૦૦ થી ૫.૩૦**
**સાહિત્ય અને રાષ્ટ્ર**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી પ્રકાશ ન. શાહ |
| વક્તા | : | શ્રી ભરત મહેતા |
| | | શ્રી ઉષા ઉપાધ્યાય |

**૨૩-૧૨-૨૦૧૭ ને શનિવારે રાત્રે ૮.૦૦ થી**
**યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

■ **બેઠક બીજી : તા. ૨૪-૧૨-૨૦૧૭ રવિવાર, સવારે ૯.૩૦ થી ૧૨.૩૦**
**સાહિત્યસ્વરૂપ : નાટક**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી પરેશ નાયક |
| વક્તા | : | શ્રી મધુ રાય |

■ **બેઠક ત્રીજી : તા. ૨૪-૧૨-૨૦૧૭ રવિવાર, બપોરે ૩.૦૦ થી ૫.૩૦**
**સાર્ધ શતાબ્દી વંદના : કાન્ત**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી સતીશ વ્યાસ |
| વક્તા | : | શ્રી પ્રફુલ્લ રાવલ |
| | | શ્રી રાજેશ પંડ્યા |

■ **બેઠક ચોથી : તા. ૨૪-૧૨-૨૦૧૭ રવિવાર, રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦**
**નાટ્યમંચન**

**નાટક : જળને પડદે**
**શ્રી કમલ જોશી અને ટીમ (૭ સભ્યો)**

■ **બેઠક પાંચમી : તા. ૨૫-૧૨-૨૦૧૭ સોમવાર, સવારે : ૮.૩૦ થી ૧૧-૦૦**
**આદાન-પ્રદાન : તેલુગુ-ગુજરાતી**

■ **બેઠક છઠ્ઠી : તા. ૨૫-૧૨-૨૦૧૭ સોમવાર, બપોરે ૧૧.૦૦ થી**
**અધિવેશન સમાપન-બેઠક**

- ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન-બેઠક
- ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ
- આભારદર્શન (પરિષદ અને યજમાન સંસ્થા)
- બપોરના ભોજન પછી અધિવેશન સમાપ્ત થશે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૪૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૩૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૭૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૨૦૧૭ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.



- વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે. ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.

## ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ માટે પ્રમુખ તરીકે શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર

ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦૧૮ થી ૨૦૨૦નાં ત્રણ વર્ષ માટે થયેલ ચૂંટણીમાં કુલ ૧૨૫૩નું મતદાન થયું હતું તેમાં ૨૪ મત અમાન્ય ઠરતાં ૧૨૨૯ મતોની ગણતરી થઈ. શ્રી બળવંત જાનીને ૫૧૪ અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્રને ૭૧૫ મતો મળતાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રને ચૂંટણી અધિકારીએ ચૂંટાયેલા જાહેર કર્યા છે. તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર-૨૦૧૭ દરમ્યાન સિકંદરાબાદમાં યોજાનારા ઓગણપચાસમા અધિવેશનમાં વર્તમાન પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા પાસેથી શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર કાર્યભાર સંભાળશે.

શ્રી સિતાંશુ યશશ્ચંદ્રને અભિનંદન.

*

## ગુજરાતી સાહિત્ય પરિષદ

### ગુજરાતી સાહિત્ય પરિષદની ૨૦૧૮થી ૨૦૨૦નાં ત્રણ વર્ષ માટેની મધ્યસ્થ સમિતિ માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ

| ક્રમ | નામ | મત | ક્રમ | નામ | મત |
|---|---|---|---|---|---|
| ૧ | માધવ રામાનુજ | ૧૦૬૫ | ૨૧ | ગૌરાંગ ઠાકર | ૯૩૨ |
| ૨ | સંધ્યા ભટ્ટ | ૧૦૪૩ | ૨૨ | કનૈયાલાલ ભટ્ટ | ૯૨૭ |
| ૩ | ઉષા ઉપાધ્યાય | ૧૦૩૮ | ૨૩ | પરેશ નાયક | ૯૨૬ |
| ૪ | ભારતી ર. દવે | ૧૦૩૦ | ૨૪ | પરીક્ષિત જોશી | ૯૨૧ |
| ૫ | ગુણવંત વ્યાસ | ૧૦૨૯ | ૨૫ | સેજલ શાહ | ૯૧૨ |
| ૬ | કીર્તિદા શાહ | ૧૦૧૭ | ૨૬ | રમેશ ઓઝા | ૯૧૦ |
| ૭ | પ્રફુલ્લ રાવલ | ૧૦૧૨ | ૨૭ | એસ. એસ. રાહી | ૯૦૨ |
| ૮ | અજય પાઠક | ૧૦૧૧ | ૨૮ | બકુલ ટેલર | ૮૯૬ |
| ૯ | યજ્ઞેશ દવે | ૧૦૦૩ | ૨૯ | પ્રવીણ પંડ્યા | ૮૬૪ |
| ૧૦ | યોગેશ જોષી | ૧૦૦૩ | ૩૦ | ઉત્પલ પટેલ | ૮૫૫ |
| ૧૧ | રાજેન્દ્ર ઉપાધ્યાય | ૯૮૯ | ૩૧ | અશોક ચાવડા | ૮૫૨ |
| ૧૨ | પ્રજ્ઞા વશી | ૯૭૪ | ૩૨ | મેહુલ ત્રિવેદી | ૮૪૧ |
| ૧૩ | કેશુભાઈ દેસાઈ | ૯૭૦ | ૩૩ | ભરત વિંઝુડા | ૮૪૦ |
| ૧૪ | રવીન્દ્ર પારેખ | ૯૬૫ | ૩૪ | ગિરીશ જોશી | ૮૨૭ |
| ૧૫ | પ્રકાશ ન. શાહ | ૯૫૨ | ૩૫ | સમીર ભટ્ટ | ૮૨૬ |
| ૧૬ | રૂપા શેઠ | ૯૫૦ | ૩૬ | વસંત જોષી | ૮૧૪ |
| ૧૭ | ધ્વનિલ પારેખ | ૯૪૭ | ૩૭ | હેમાંગ રાવલ | ૮૧૪ |
| ૧૮ | બકુલેશ દેસાઈ | ૯૪૫ | ૩૮ | આશા ગોહિલ | ૮૧૧ |
| ૧૯ | ભરત મહેતા | ૯૪૦ | ૩૯ | ધર્મેશ ભટ્ટ | ૮૦૯ |
| ૨૦ | પિંકી પંડ્યા (શાહ) | ૯૩૫ | ૪૦ | પીયૂષ ઠક્કર | ૮૦૯ |

**(ભાલચન્દ્ર ર. શાહ)**
ચૂંટણી અધિકારી
તારીખ : ૨૪-૧૦-૨૦૧૭



## ગુજરાતી સાહિત્ય પરિષદ
### ૨૦૧૮થી ૨૦૨૦ સુધીનાં ત્રણ વર્ષની ચૂંટણી

તા. ૧૫-૯-૨૦૧૭

**દાતા વિભાગ**

દાતા વિભાગમાંથી નીચેના બે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થાય છે.

૧. શ્રી મનસુખ સલ્લા
૨. શ્રી જયંતી એમ. દલાલ

**સંવર્ધક વિભાગ**

સંવર્દક વિભાગમાંથી નીચેના બે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થાય છે.

૧. શ્રી અનિલા દલાલ
૨. શ્રી રાજેન્દ્ર પટેલ

**સભ્યસંસ્થા વિભાગ**

સભ્યસંસ્થા વિભાગમાંથી નીચેના એક ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર થાય છે.

૧. શ્રી પ્રફુલ્લ ભારતીય (સંકલ્પ પરિવાર, નડિયાદ)

**(ભાલચન્દ્ર ર. શાહ)**
ચૂંટણી અધિકારી

❑